# હવે, ગઢમાં આજથી દસ દિવસનું સ્વયંભૂ લોકડાઉન

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લામાં કોરોના મહામારીએ માથું ઊંચક્યું છે જેથી દરરોજ ૫૦ ઉપર કેસો નોંધાઇ રહ્યા છે જેના કારણે



લોકડાઉનની અફવા વચ્ચે પાલનપુર તાલુકાના ગઢ ગામે આજથી ૧૦ દિવસ સ્વયંભૂ લોકડાઉન લાદવામાં આવ્યુ છે.

કોરોના સંક્રમણને રોકવા ગ્રામ પંચાયતના લેટરપેડ ઉપર સરંપચે તમામ લોકોને બપોરે ૨ વાગ્યા સુધી જ અવર-જવર કરવા સુચન કર્યુ છે. આ સાથે ગઢમાં કોરોના કેસો વધુ હોવાથી ગામની સુખાકારીને ધ્યાનમાં રાખી તા. ૨૨-૯-૨૦ થી તા. ૧-૧૦-૨૦ એમ કુલ ૧૦ દિવસ સુધી ગામમાં આવશ્યક ચીજવસ્તુ જેવી કે ડેરી, ખેતી વિષયક, આરોગ્ય સેવા કરીયાણા સિવાય અન્ય ધંધા- રોજગાર બે વાગ્યા સુધી જ ખુલ્લા રાખવા જણાવ્યુ છે.

આ સાથે માસ્કનો ઉપયોગ કરવા, સોશિયલ ડિસ્ટન્સનું પાલન અને સેનેટાઇઝરનો ઉપયોગ કરવા સુચન કરાયુ છે. જો કોઇ હુકમનો ભંગ કરશે તો તેને દંડ તથા ગ્રામ પંચાયત અને પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવુ પણ જણાવવામાં આવ્યુ છે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે ગઢમાં કોરોના વાયરસનું સંક્રમણ વધુ ન ફેલાય તે માટે ગામની સુખાકારીને ધ્યાનમાં લઇ આ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ૧૦ દિવસ સુધી લોકો પોતાના ઘરમાં રહી સ્વયભું જનતા કર્ફયુની અમલવારી કરાવી કોરોના વાઇરસને ફેલાતો અટકાવી દેશ પ્રત્યે પોતાની ફરજ અદા કરવા જણાવેલ હોઇ તેનો તમામે અમલ કરવા તેમજ સાથ સહકાર આપવા ગ્રામ પંચાયત દ્વારા કહેવામાં આવ્યુ છે.

# અરવલ્લીમાં આંગણવાડી કાર્યકર-તેડાગરની ભરતીનો વિવાદ યથાવત





## ઉમેદવારોએ હોબાળો મચાવતા અધિકારીઓએ ચેમ્બર છોડ્યું


સમગ્ર રાજ્યમાં આંગણવાડી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જેમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની જગ્યા માટે ૩૩ વર્ષથી નીચે વયમર્યાદા નક્કી કરવામાં આવી છે. આ બંને જાહેરાતમાં અનામતના અરજદારો માટે પણ વયમર્યાદામાં છૂટ હટાવી દેવામાં આવતા અરવલ્લી જીલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની જગ્યાઓ માટે તમામ વર્ગના અરજદારોએ કાયદાકીય જોગવાઈ અનુસાર ભરતી કરવામાં આવેની માંગ સાથે જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયાને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી અને ભરતી પ્રક્રિયામાં રહેલી ત્રુટીઓ દૂર કરવામાં આવેનીની લેખીત રજુઆત કરવામાં આવી હતી. ત્યારે વધુ એકવાર આ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોના ફોર્મ રિજેક્ટ થતા આ અંગે ફોર્મ રિજેક્ટ થયેલ ઉમેદવારોએ જીલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરતા મંગળવારે રિજેક્ટ થયેલ ઉમેદવારોને સાંભળવા બોલાવતા અધિકારીઓ તેમની મનમાની કરી રહ્યા હોવાના આક્ષેપ સાથે હોબાળો મચાવતા છેવટે અધિકારીઓએ તેમની ચેમ્બર છોડી જવા મજબુર બન્યા હતા. નાયબ ડીડીઓમી ચેમ્બર બહાર મહિલાઓ અને કોંગ્રેસના આગેવાનોએ રામધૂન યોજી ન્યાયની માંગ કરી હતી.

અરવલ્લી જિલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતીમાં ઉમેદવારોના ફૉર્મ રીજેક્ટ થતાં મહિલાઓએ જિલ્લા પંચાયતમાં હોબાળો મચાવ્યો હતો. ઉમેદવારોનો આક્ષેપ છે કે આંગણવાડી ભરતીમાં ફૉર્મ ભરનાર મહિલાઓના રીજેક્ટ કરવામાં આવ્યા હતા, જેમાં મુખ્ય કારણો સ્ટેમ્પમાં વિસંગતતા, પ્રમાણપત્રો અપલોડ કરવાના સહિતના કારણો રજૂ કરાયા હતા. જેને લઈને રીજેક્ટ થયેલા તમામ ઉમેદવારોએ ઑનલાઇન અરજી કરી હતી અને ફૉર્મ રીજેક્ટ થવા અંગે જરૂરી કારણો પૂછ્યા હતા. ઑનલાઇન અરજી કરનાર તમામ ઉમેદવારોને આજે એટલે કે મંગળવારના રોજ અરજીના અનુસંધાને સમાધાન કરવા માટે બોલાવાયા હતા, કેટલાક ઉમેદવારોને જિલ્લા પંચાયતના અધિકારીઓએ ઉમેદવારોની ભૂલ હોવા અંગે કોરા કાગળ પર સહીયો કરાવી લીધીના આક્ષેપ કરાયા હતા. તો કેટલાક લોકોના પ્રશ્નો સાંભળવામાં ન આવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો અને સભાખંડમાં મહિલાઓએ હોબાળો મચાવ્યો હતો. જિલ્લા પંચાયત પહોંચેલા ઉમેદવારોએ આ ભરતીમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ પણ કર્યો હતો. હોબાળો વધતા અધિકારીઓ સભાખંડ છોડી ચાલ્યા ગયા હતા. ત્યારે નાયબ ડીડીઓમી ચેમ્બર બહાર મહિલાઓ અને કોંગ્રેસના આગેવાનોએ રામધૂન યોજી ન્યાયની માંગ કરી છે.

# એમ તો કઈ કોરોના થતો હશે...જેવા દિવાસ્વપ્રમાં રાચતા મોડાસાના શહેરીજનો

## જિલ્લામાં કોરોનાથી સતત થઇ રહેલા મૃત્યુ, આંકડાકીય રમતમાં થાપ ખાતા અરવલ્લીના પ્રજાજનો

મોડાસા, તા. ૨૨




મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં સતત વધતા કોરોના કેસોને લઈ આરોગ્યતંત્ર દ્વારા જીલ્લામાં રેપીડ ટેસ્ટ કરી રેપીડ ટેસ્ટમાં પોઝેટીવ દર્દીઓને હોમકોરન્ટાઈન અને જરૂર લાગે તો હોસ્પિટલમાં સારવાર આપી રહ્યું છે.

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો સૌપ્રથમ કેસ નોંધાયો ત્યારથી આરોગ્યતંત્ર કોરોનાના આંકડા છુપાવી રહ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે, ત્યારે રાજ્ય આરોગ્યતંત્ર અને જીલ્લા આરોગ્યતંત્રના કોરોનાના આંકડામાં મોટો તફાવત જોવા મળતા લોકોમાં આરોગ્યતંત્રીની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે. રાજ્ય આરોગ્યતંત્ર ૫૩૪ કેસ જાહેર કર્યા છે તો આરોગ્યતંત્ર જીલ્લામાં ૪૫૯ કેસ જ નોંધાયા હોવાનું ગાણું ગાઈ રહ્યું છે. રાજ્ય આરોગ્યતંત્ર અને જીલ્લા આરોગ્યતંત્રના કોરોનાના ૭૫ કેસનો તફાવત જોવા મળી રહ્યો છે. જીલ્લા આરોગ્યતંત્રની આંકડાકીય રમત ખુલ્લી પડી જતા આરોગ્યતંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયો છે.

અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્ર કોરોનાના કેસ સરકારી ચોપડે કાબુમાં લેવામાં સફળ રહ્યું હોય તેમ કોરોનાના આંક સંતાડી રહ્યું હોવાની વારંવાર બૂમો ઉઠી રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં કોરોના બેકાબુ બન્યો હોવાની સાથે લોકો ટપોટપ કોરોનામાં સપડાઈ રહ્યા હોવાની સાથે મોતને ભેટી રહ્યા હોવા છતાં લોકો બિંદાસ્ત અને લાપરવાહી દાખવી રહ્યા છે. માસ્ક પહેરવાનું પણ મુનાસીબ માની રહ્યા નથી અને એમ તો કઈ કોરોના થતો હશે તેમ માની રહ્યા છે. શહેરમાં માસ્ક પહેરવાની અમલવારી અને દંડાત્મક કાર્યવાહી કરી હવે મોડાસા નગરપાલિકા અને પોલીસ પણ થાકી હોય તેમ સરકારી ગાઈડલાઈનની કામગીરી કોરાણે મૂકી દીધી હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જીલ્લામાં કોરોના મહામારી ખુબ જ વકરી રહી છે. અહિં શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો રાફડો ફાટ્યો હોય તેમ સતત પોઝિટિવ કેસો સામે આવી રહ્યા છે. કોરોના સંક્રમીત દર્દીઓના મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા આ આંકડાઓ પર ઢાંકપીછોડો કરવામાં આવી રહ્યો છે તેવા આક્ષેપો પણ થઈ રહ્યા છે.

### પ્રાંતિજ દેસાઇની પોળમાંથી ઇજાગ્રસ્ત

# ગાય માતાને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે પાંજરા પોળમાં ખસેડાઈ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બજાર ચોકમાં આવેલ



દેસાઈની પોળમાં છેલ્લા ચાર દિવસથી પગે ઈજા થયેલ ગાયમાતાને સાબરકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી હિંમતનગર તથા આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના સેવકો દ્વારા ઈજાગ્રસ્ત ગાયમાતાને ઈડર પાંજરાપોળમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે.

પ્રાંતિજ દેસાઈની પોળ ખાતે છેલ્લા ચાર દિવસથી ગાય માતાને પગે ફેકચર થતા પોળની અંદર રહેતા અલ્પાબેન પરમાર તથા પોળના રહીશો દ્વારા ગાયમાતાની પિડાની સાથે ચિંતા કરી ગાયપ્રેમી મહંત સુનીલદાસજી મહારાજ, નગરપાલિકાના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ એકલવ્ય ફાઉન્ડેશનના હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટને જાણ કરવામાં આવી હતી. ગાયપ્રેમી સુનીલદાસજી મહારાજ દ્વારા હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીમાં ગોવિદભાઈને ફોન કરી જાણ કરવામા આવી હતી. રાત્રીના સમયે જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની એમ્બ્યુલન્સ તથા સાથે હિંમતનગર આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના ભાર્ગવભાઈ દવે, અતુલભાઈ મકવાણા, અનિલભાઈ, સારથી જગતસિંહ સહિતના સંયમસેવકો એમ્બ્યુલન્સ સાથે હિંમતનગરથી દોડી આવ્યા હતાં. ઈજાગ્રસ્ત ગાય માતાને એમ્બ્યુલન્સમાં ચડાવીને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે લઈ જવામાં આવી હતી.

### પાલનપુર પશ્ચિમ પોલીસ મથકમાં પી.આઇ.

# આર. કે. સોલંકીની બદલી થતા વિદાય સમારંભ અને નવા પી.આઈ.નો સત્કાર સમારંભ

પાલનપુર પશ્ચિમ પોલીસ મથકમાં પી.આઇ તરીકે ફરજ બજાવતા આર.કે.સોલંકીની બદલી થતા તેમનો વિદાય સમારંભ અને નવા મુકાયેલા પી.આઈનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો.

પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં છેલ્લા અઢી વર્ષ ઉપરાંતના સમય ગાળાથી ફરજ બજાવતા આર.કે.સોલંકીની બદલી થતા રવિવારે પાલનપુર હાઈવે સ્થિતની હોટલમાં તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.જેમાં કર્મચારીઓ દ્વારા ફુલહાર પહેરાવી ભેટ સોગાથ આપી ભાવભિની વિદાય આપવામાં આવી હતી.

પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પી.આઈ તરીકેની ફરજ દરમીયાન પી.આઈ. આર.કે.સોલંકી દ્વારા અઢી વર્ષના સમય ગાળા દરમીયાન ચોરી, લૂંટ, હત્યા સહીતના ગંભીર ગુનાઓમાં સફળતા મેળવી આરોપીઓને શોધી જેલના સળીયા પાછળ ધકેલવામાં આવ્યા હોવાથી તેમની કામગીરીને ઉપસ્થિત સૌવ લોકોએ બિરદાવી હતી.તેમની જગ્યા પર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.આઈ તરીકે મુકાયેલ કે.પી.ગઢવીને સાલ ઓઢાડી સત્કારવામાં આવ્યા હતા.આ કાર્યક્રમાં દિનેશભાઈ પંચાલ, પી.એસ.આઈ સહીત પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# તલોદની નમસ્કાર શરાફી મંડળીમાં મુકેલા થાપણદારોના નાણા સત્વરે પરત અપાવો

## મંડળીમાં બચકારો તથા થાપણદારોના કરોડો રૂપીયા સલવાયા છે

હિંમતનગર, તા. ૨૨

તલોદમાં આવેલ નમસ્કાર શરાફી મંડળી વર્ષોથી કાર્યરત હોવાથી તેની શાખ ખુબ સારી હતી જેથી લગભગ ૨૧૦૦થી વધુ સભાસદોએ દૈનિક બચત યોજનામાં નાણાનું રોકાણ કર્યુ હતુ. જો કે ઉંચા વ્યાજની લાલચે આ બચત આખરે બચકારો માટે ઘાતક પુરવાર થઈ છે તેવી જ હાલત થાપણદારોની થઈ છે. કારણ કે બે એક વર્ષ અગાઉ આ શરાફી મંડળી બંધ થઈ જતા બચકારો અને થાપણદારોની હાલત કફોડી બની ગઈ છે. જેથી સોમવારે થાપણદારો દ્વારા જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

આ આવેદનપત્રમાં કરાયેલા આક્ષેપ મુજબ તલોદની નમસ્કાર શરાફી મંડળી બંધ થઈ ગયા બાદ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા તેનો વહિવટ ગત તા. ૧-૫-૨૦૧૯ના રોજ સાબરકાંઠા બેંકને સોંપ્યો છે અને વહિવટદાર દ્વારા તેમના સત્તાકાળ દરમિયાન અગાઉના વહિવટકર્તાઓએ કરેલી ગેરરીતિઓ ધ્યાને આવી છે. બેંકના વહિવટદારે ચોપડાઓ તપાસતા અનેક તત્કાલિન સમયે શરાફી મંડળીમાંથી ધિરાણ અથવા લોન લેનાર લોકોએ લગભગ ૧૧ કરોડથી વધુનુ કર્જ લઈ પરત કર્યુ નથી. મંડળીના મેનેજરે પણ વ્યવસ્થાપક કમિટી સાથે સાંઠગાંઠ કરીને કોઈ આધાર પુરાવા અને સિક્યોરીટીની ચકાસણી કર્યા વગર નિયમની ઉપરવટ જઈ લોન લિમિટ કરતા અનેકગણુ ધિરાણ વ્યવસ્થાપક કમિટીના સભ્યના પરીવારજનોને આપી દીધો છે. ઉપરોક્ત ગેરીરિતીઓ સંદર્ભે ૩૪ કસુરવારો સામે પોલીસ ફરીયાદ કરાયા બાદ એલસીબી તપાસ કરી રહી છે.

પરંતુ રાજકીય દબાણને અથવા તો અન્ય કારણોસર વ્યવસ્થાપક કમિટીના એક પણ સભ્ય અને મંડળીના મેનેજરની ધરપકડ કરાઈ ન હોવાનો આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે. નોંધનીય છે કે શરૂઆતના તબક્કામાં જે ત્રણ વ્યક્તિ તલોદ પોલીસ દ્વારા પકડવામાં આવ્યા હતા ત્યારબાદ તેમની સામેની તપાસમાં ઢીલાસ કરાઈ રહી છે. જેથી સત્વરે તલોદ નમસ્કાર શરાફી મંડળીને ખાડામાં ઉતારનાર લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠવા પામી છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી. ધ્વારા ખુમાપુર ગામના મૃતક ખેડુત ખાતેદારના પરીવારજનોને પાંચ લાખનો ચેક અર્પણ કર્યો હતો. મૃતકના પરીવારજનો અને સભાસદોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.ના સભાસદ, કે.સી.સી. ધિરાણ મેળવતા ખુમાપુર ગામના રહેવાસી ખેડુત ખાતેદાર મહેન્દ્રભાઈ પનાભાઈ પટેલ ખુબ જ નાની વયે આકસ્મિક મોત નિપજતા ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ચેરમેન મહેશભાઈ પટેલની દિર્ઘદષ્ટી ધ્વારા વિમા કવચ સ્વરૂપે મળતી સહાય અન્વયે પાંચ લાખનો ચેક સા. કાં. બેંક વા. ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી. ચેરમેન ભીખાભાઈ પટેલ, સેક્રેટરી ભગવાનદાસ પટેલ અને વ્યવસ્થાપક કમિટી સભ્યાના વરદ્ હસ્તે ચેક પરીવારજનોને અર્પણ કર્યો હતો. ખુમાપુર ગામના ખેડુત ખાતેદાર મૃતકના પરીવારજનો અને સભાસદોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# અરવલ્લીમાં ઈકો કારમાંથી સાયલન્સર ચોરતી ગેંગ સક્રિય થતા કાર માલિકોમાં ફફડાટ

વાહનોના સાયલેન્સરોમાં કેટાલિક કન્વર્ટર આવે છે અને પ્રદુષણ ન ફેલાય તે માટે આ કન્વર્ટરમાં કિંમતી ઘાતુ એવી



પ્લેટિનમની જાળી હોય છે. જેને માટી કહેવામાં આવે છે. કિંમતી ધાતુઓનું મિશ્રણ ધરાવતી સૌથી મોટી જાળી ઈકો કારના સાયલેન્સરમાં આવતી હોવાથી અને ૧૦ થી ૧૫ હજાર રૂપિયા કેટાલીક કન્વર્ટરમાંથી મળતા હોવાથી રાજ્યમાં ઈકો કારમાંથી સાયલેન્સરની ચોરી કરતી અનેક ગેંગ સક્રિય થઈ છે. થોડા સમય અગાઉ આણંદ એલસીબીએ ધોળકાની કારના સાયલન્સર ચોરતી ગેંગનો પર્દાફાશ કરતા પોલીસતંત્ર પણ ચોકી ઉઠી હતી. ત્યારે અરવલ્લી જીલ્લામાં ઈકો કારના સાયલેન્સર ચોરતી ગેંગ સક્રીય થઈ બે ઈકો કારને નિશાન બનાવી સાયલેન્સર ચોરી કરી ફરાર થઈ જતા જીલ્લામાં ઈકો કારના માલિકોમાં ફફડાટ ફેલાયો છે. ઈકો કારમાંથી સાયલન્સરની ચોરી કરતી ગેંગ અરવલ્લી જિલ્લામાં સક્રીય થતા પોલીસતંત્રનું કામ વધારી શકે છે.

થોડા દિવસો અગાઉ શામળાજી નજીક ઈકો કારમાં સાયલન્સરની ચોરી થયા બાદ મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં આવેલ કે.એન. મોટર્સમાં રહેલી ઈકો કારનું સાયલન્સરની ચોરી થતા કાર માલિક પણ અચંબિત બન્યા હતા. કે.એન. મોટર્સમાં રીપેરીંગ માટે આવેલ ઈકો કારમાંથી સાયલન્સરની ચોરી થતા ગેરેજના માલિકના માથે આફત આવી પડી હતી અને કરમાલિકને પોતાના ખર્ચે સાયલન્સર નાખી આપવાની નોબત આવી હતી. કે. એન. મોટર્સના માલિક આદિલ બુલાએ નવા પ્રકારની થયેલ ચોરી અંગે પોલીસ તંત્રને જાણ કરવી કે નહિ તેની અવઢવમાં હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# પ્રાંતિજ ખાતે પોષણ માસની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન નાળીયા વિસ્તારમાં આવેલ આંગણવાડી



કેન્દ્ર ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલીના સહયોગથી પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન નાળીયા વિસ્તારોમાં આવેલ આંગણવાડી ખાતે આજે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલીના ઉપક્રમે પોષણ માસની ઉજવણીના ભાગરૂપે પાલક પિતા દ્વારા કુપોષણ બાળકોને ફ્રુટ અને કઠોળનું વિતરણ તથા સગર્ભા અને ધાત્રી માતાઓને ફ્રુટ અને કઠોળનું વિતરણ તથા કિશોરીઓ દ્વારા પોષણ આહારના તોરણો બનાવવામાં આવ્યા હતા. બાળકોને કોવિડ-૧૯ના કોરોના માટે સાવચેતી રાખવી તેની માહિતી આપવામાં આવી હાથ કઈ રીતે ધોવા અને સેનેટાઈઝરનો ઉપયોગની સમજણ આપવામાં આવી હતી. માસ્ક વિતરણ તથા બાળકીઓને સેનેટરી પેડ આપવામાં આવ્યા હતા. અંગદાન મહાદાન અને તે માવન શરીર ૮ વ્યક્તિની જીંદગી બચાવે છે તેની માહિતી પેમ્ફલેટ વહેંચવામાં આવ્યા હતા. પેન્સિલ અને રબર પેનનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય સેવિકા મિનાક્ષીબેન જોષી, બ્લોક કોડીનેટર કેતનભાઈ પટેલ, જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલી પ્રમુખ હર્ષાબેન ભાવસાર, મિનાક્ષીબેન, હેમાંગીબેન ભાવસાર, રેખાબેન પરમાર, દક્ષાબેન રાવલ, જાયન્ટસ પૂર્વ પ્રમુખ વજેશભાઈ ભાવસાર સહિત જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આદર્શ ક્રેડિટ સોસાયટી વિરુદ્ધ થયેલી કાર્યવાહીમાં ફડચા અધિકારીની નિમણૂક રદ કરવા રજૂઆત

બનાસકાંઠા સહિત દેશના જુદા જુદા રાજ્યોમાં શાખાઓ ખોલી વિવિધ સ્કીમોના નામે ગ્રાહકોના અબજો રૂપિયા લઈ ડૂબી જનારી આદર્શ ક્રેડિટ સોસાયટી વિરુદ્ધ ગુજરાત ઈડી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત આબુરોડ અને માઉન્ટ આબુમાં ૩૪ સંપત્તિઓ સીઝ કરી ફડચા અધિકારીની નિમણુંક કરાઈ છે. ત્યારે આદર્શ ક્રેડિટ સોસાયટીના પાલનપુરના સદસ્યોએ ટ્રસ્ટના માધ્યમથી સોમવારે જિલ્લા કલેકટરને ક્રેડિટ સોસાયટીની કાર્ય પ્રણાલી વિશે અવગત કરાવી ફડચા અધિકારીની નિમણૂક રદ કરવા રજૂઆત કરી હતી.

બનાસકાંઠામાં અગાઉ રાજસ્થાનની ખેતેશ્વર, અર્બુદા અને આદર્શ ક્રેડીટ સોસાયટીએ ઉઠમણુ કર્યું હતું. જેમાં લોકોના કરોડો રૂપિયા સલવાઈ ગયા છે. દરમિયાન ગુજરાત ઈડ્ઢની ટીમે તાજેતરમાં આબુરોડ અને માઉન્ટ આબુમાં ક્રેડિટ સોસાયટીના સંચાલક રાકેશ અગ્રવાલ અને તેની સાથે સંકળાયેલી ૩૪ સંપત્તિઓ સીઝ કરી વધુ કાર્યવાહી માટે ફડચા અધિકારીની નિમણુંક કરી હતી. ત્યારે આદર્શ ક્રેડિટ સોસાયટીના પાલનપુરના સદસ્યોએ ટ્રસ્ટના માધ્યમથી સોમવારે જિલ્લા કલેકટરને ક્રેડિટ સોસાયટીની કાર્ય પ્રણાલી વિશે અવગત કરાવી ફડચા અધિકારીની નિમણૂક રદ કરવા રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ક્રેડિટ સોસાયટીમાં પુનઃ વહીવટદારની નિમણુંક કરી નવા સભ્યોની વરણી કરી સોસાયટીને કાર્યવંત કરવામાં આવે જેથી કરી ગ્રાહકોને ન્યાય અપાવી શકાય. આ અંગે જિલ્લા કલેકટરે ઘટતી કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.